# તલવારબાજી

## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

તલવારો હવામાં આમતેમ લહેરાઈ રહી હતી. તે જે લોકોના હાથમાં હતી, તેઓ અત્યંત સાવધાનીથી તેને ચલાવી રહ્યાં હતાં, તેમના પગમાં સ્ફૂર્તિ હતી અને તેમનો પોશાક તેમના દરેક પગલાની સાથે ગોળ ફરી રહ્યો હતો. જે હૉલમાં તેઓ અભ્યાસ કરી રહ્યા હતા તેની થોડે જ દૂર દેખાઈ રહ્યો હતો, માઉન્ટ ફૂજી. તેની ભવ્ય સફેદ ટોચ, તળેટીમાં વસતા ગામોમાં થતી દરેક ઘટનાની સાક્ષી હતી.

શિરોહા નામનો, વીસ વર્ષનો એક યુવક આશ્ચર્યચકિત થઈને તલવારબાજોને જોઈ રહ્યો હતો. તે હંમેશથી આ માર્શલ આર્ટ શીખવા માગતો હતો, પરંતુ તેનો પરિવાર એટલો નિર્ધન હતો કે તેઓ તેને આ શીખવા માટે મોકલી ન શક્યા. તેની ઘણી ઇચ્છા હતી કે તે પણ આ લોકોની સાથે ત્યાં હોય અને તેમની જેમ જ તલવારબાજીમાં તેજ અને સ્ફૂર્તિલો હોય.

તલવારબાજીની આ વિશિષ્ટ રીતને કેંડો કહેવામાં આવતી અને જાપાનમાં તે ખૂબ પૂજનીય હતી. લડાઈ કરતા વધારે, તેનો ઉદ્દેશ્ય હતો કે તેને શીખનાર વ્યક્તિના ગુણોનો વિકાસ કરવો — તેમનામાં અનુશાસન, સન્માન તેમજ સત્યનિષ્ઠાના ગુણો ઉત્પન્ન કરવા. ખરેખર, આ તલવારબાજોની ચાલમાં કંઈક ખાસ હતું — માત્ર લડતી વખતે જ નહીં, પરંતુ સામાન્ય જીવનમાં પણ — એવું લાગતું હતું જાણે કે તેઓ પોતાની આસપાસના વાતાવરણને જ બદલી દેતા હોય. તેમની ઉપસ્થિતિમાં શિરોહા હંમેશાં ટટ્ટાર ઊભો રહેતો. તેનું શરીર, તેનું આખું અસ્તિત્વ, સન્માનપૂર્વક પ્રતિક્રિયા કર્યા વગર નહોતું રહી શકતું.

એ દિવસે બબ્બેની જોડમાં ઘણા વિદ્યાર્થીઓ તલવારબાજીનો અભ્યાસ કરી રહ્યા હતા. તેઓ કલાકોથી આ અભ્યાસ કરી રહ્યા હતા; સૂર્યપ્રકાશમાં તેમની તલવારો ચાંદીની જેમ ચમકી રહી હતી. અંતે, સેન્સેઈ એટલે કે ગુરુએ હૉલમાં પ્રવેશ કર્યો અને તેઓ હૉલની આગળની બાજુ પહોંચી ગયા. તેઓ ઘણા વૃદ્ધ હતા, તેમનું જડબું મજબૂત હતું અને માથા પર સફેદ ને કાળા રંગના વાળ હતા.

‘‘હવે તમે તમારી તલવારો નીચે મૂકી શકો છો. આજના માટે આટલું પર્યાપ્ત છે.’’ સેન્સેઈએ ઘોષણા કરી.

વિદ્યાર્થીઓ જ્યારે પોતાનો સામાન ભેગો કરવા લાગ્યા ત્યારે શિરોહા દોડીને આ વ્યક્તિ પાસે પહોંચી ગયો.

શિરોહાએ કહ્યું, ‘‘સેન્સેઈ, હું તમારી પાસે તલવારબાજી શીખવા માગું છું.’’

સેન્સેઈએ તેની તરફ ધ્યાનથી જોયું. ‘‘તું શીખશે?’’ તેમણે કહ્યું.

‘‘હા,’’ શિરોહાએ કહ્યું. ‘‘મારી પાસે શીખવા માટે પૈસા નથી, પરંતુ જો તમે મને તમારો શિષ્ય બનાવી લો તો હું ઘણી, ઘણી મહેનત કરીશ. તમે જોજો.’’

‘‘એમ? તું કેટલી મહેનત કરવા માટે તૈયાર છે?’’ સેન્સેઈએ પોતાના ભવા ચઢાવતા પૂછ્યું.

‘‘હું કાલથી દરરોજ તમારી પાસે શીખવા આવીશ.’’

સેન્સેઈએ કહ્યું, ‘‘શરૂઆત તો સારી છે. જો તું આવી જ રીતે શીખતો રહેશે, તો વીસ વર્ષ પછી, તું એક ઠીક-ઠીક તલવારબાજ બની જશે.’’

આ સાંભળીને શિરોહાને ઝટકો લાગ્યો. શું તેને વીસ વર્ષ સુધી શીખતા રહેવું પડશે? માત્ર *ઠીક-ઠીક* તલવારબાજ બનવા માટે?

તેને તરત જ પોતાની ભૂલ સમજાઈ ગઈ. તેણે કહ્યું, ‘‘હું વધારે અભ્યાસ કરીશ! હું અભ્યાસ સત્ર શરૂ થાય એ પહેલાં અને અભ્યાસ સત્ર પૂરો થયા પછી પણ અભ્યાસ કરતો રહીશ. હું સવારથી લઈને સાંજ સુધી અભ્યાસ કરીશ.’’

સેન્સેઈ વિચારવા લાગ્યા.

‘‘એ રીતે તો તું ત્રીસ કે ચાલીસ વર્ષ પછી જ તલવાર ચલાવી શકીશ.’’

શિરોહાને કંઈ સમજાયું નહીં. શું હવે તેને *ચાલીસ* વર્ષ લાગશે?

‘‘હું આખી રાત અભ્યાસ કરીશ!’’ તેણે કહ્યું.

‘‘પચાસ વર્ષ,’’ સેન્સેઈએ કહ્યું.

‘‘હું જમવાનું છોડી દઈશ. હું બીજાં બધાં કામ છોડી દઈશ. હું કેંડો અને માત્ર કેંડો પર જ ધ્યાન આપીશ.’’

સેન્સેઈએ કહ્યું, ‘‘ઓહ! જો તું આમ કરશે તો બની શકે કે તું તારા જીવનના અંત સુધી નિપુણ થઈ જાય. હા, પણ કોઈ ગેરંટી નથી. તોપણ પૂરેપૂરું શીખવા માટે બની શકે કે તારે તારા આવતા જન્મમાંથી અમુક વર્ષ કાઢવા પડે.’’

શિરોહા અવાક્ રહી ગયો.

અંતે તેણે કહ્યું, ‘‘કૃપયા મને કહો કે તલવારબાજી શીખવા માટે હું શું કરું. તમે જે પણ કહેશો, હું એ જ કરીશ. ભલે ગમે તેટલો સમય લાગે, હું પ્રયત્ન કરીશ.’’

સેન્સેઈએ સ્મિત કર્યું. તેમણે કહ્યું, ‘‘બહુ સરસ! કાલે પાછો આવજે અને આપણે ત્યાંથી શરૂ કરીશું.’’

તેથી બીજા દિવસે સવારે, સૂર્યોદય થતાં જ શિરોહા પાછો આવ્યો. તેણે આ સુઅવસર માટે નવા કપડાં પહેર્યાં હતા. તે આતુરતાપૂર્વક વિચાર કરી રહ્યો હતો. *હું આજે કયો દાવ શીખીશ? કઈ ચાલ, તલવારબાજીની કઈ યુક્તિઓ શીખીશ?*

હૉલ તરફ જતી વખતે પણ તે આ જ વિચારોમાં ડૂબેલો હતો, તેના ચહેરા પર એક ભાવશૂન્ય સ્મિત હતું. પણ જ્યારે તે નજીક પહોંચ્યો તો તેને સમજાયું — ત્યાં તો કોઈપણ નહોતું!

શિરોહા મૂંઝવણમાં આજુબાજુ જોવા લાગ્યો. તેણે મોટેથી બૂમ પાડી, ‘‘સેન્સેઈ, શું તમે અહીં છો?’’

સેન્સેઈ હૉલની બાજુમાં એક નાના ઘરમાં રહેતા હતા. જ્યારે શિરોહા તેમને બોલાવી રહ્યો હતો, ત્યારે તેને ઘરમાંથી આવતો એક અવાજ સંભળાયો. થોડીવારમાં, સેન્સેઈનો એક સેવક ઝડપથી બહાર આવ્યો; તેના હાથમાં એક ઝાડુ અને એક ભીનું કપડું હતું.

‘‘શિરોહા?’’ સેવકે કહ્યું. ‘‘આ લે.’’ તેણે શિરોહાના હાથમાં એક ઝાડુ અને એક કપડાંનો ટુકડો પકડાવી દીધો. ‘‘સેન્સેઈએ તને આ આપવા માટે કહ્યું છે.’’

શિરોહા ઝાડુ અને કપડાંને જોવા લાગ્યો. તે મૂંઝવણમાં હતો. તેણે કહ્યું, ‘‘હું આનું શું કરું?’’

‘‘તું શું કહેવા માગે છે?’’ સેવકે જવાબ આપ્યો. ‘‘તારે આ હૉલની સફાઈ કરવાની છે.’’

‘‘પણ — જરૂર કોઈ ભૂલ થઈ છે. હું અહીં સફાઈ કરવા માટે નથી આવ્યો. હું તો અહીં કેંડો શીખવા આવ્યો છું!’’

સેવકે કહ્યું, ‘‘સેન્સેઈ આવી ભૂલો નથી કરતા. જો હું તારી જગ્યાએ હોત તો સફાઈ કરવાનું શરૂ કરી દેત. થોડીવારમાં જ લોકો અભ્યાસ કરવા માટે આવી જશે.’’

શિરોહા એકીટસે સેવકને જતાં જોઈ રહ્યો, તેના હાથમાં ઝાડુ અને કપડાંનો ટુકડો લટકી રહ્યાં હતાં. આખરે, તેણે જમીન તરફ નજર કરી જ્યાં થોડી ધૂળ ભેગી થઈ ગઈ હતી. તેણે એક ઊંડો શ્વાસ લીધો અને કામ શરૂ કરી દીધું.

લગભગ એક કલાક સુધી તે સાફસફાઈ કરતો રહ્યો; તે ઉદાસ હતો અને ક-મને ધીમે-ધીમે ઝાડુ લગાવી રહ્યો હતો. અને પછી અચાનક — ખચાક!

‘‘સાંભળ!’’ તેમણે કહ્યું.

શિરોહાએ પાછું ફરીને જોયું તો તેના ગુરુ શાંત ભાવથી તેની તરફ જોઈને સ્મિત કરી રહ્યા હતા.

‘‘સેન્સેઈ!’’ શિરોહાએ ચકિત થતાં કહ્યું. સેન્સેઈના હાથમાં લાકડાની એક પાતળી તલવાર હતી. ‘‘શું — શું હમણાં તમે જ મને માર્યું હતું?’’

‘‘હા, કેમ? મેં જ માર્યું,’’ સેન્સેઈએ કહ્યું.

‘‘પણ — શા માટે?’’ શિરોહાએ પૂછ્યું. ‘‘તમે કીધું હતું એટલે હું હૉલની સફાઈ કરી રહ્યો છું.’’

સેન્સેઈએ કહ્યું, ‘‘હા, તું કરી રહ્યો છે. પણ તેનો અર્થ એ નથી કે તારે તૈયાર ન રહેવું જોઈએ.’’

ફરી એકવાર, શિરોહા પાસે કોઈ શબ્દો નહોતા.

‘‘ખેર, આ રીતે મારી સામે જોયા ન કર,’’ સેન્સેઈએ કહ્યું. ‘‘પાછો કામ શરૂ કરી દે.’’

તેથી શિરોહા સફાઈ કરતો રહ્યો. જ્યારે સફાઈ પૂરી થઈ ગઈ, ત્યારે સેન્સેઈએ તેને રસોડામાં જઈને બપોરનું ભોજન બનાવવા માટે કહ્યું. જ્યારે શિરોહાએ ભોજન બનાવી લીધું, ત્યારે સેન્સેઈએ તેને તેમના ઘરની આસપાસના બગીચાની સારસંભાળ રાખવા માટે કહ્યું.

સમય સમય પર, જ્યારે પણ શિરોહાને તેનો બિલકુલ અંદેશો ન હોય — ખચાક! સેન્સેઈ પાછળથી લાકડાની તલવાર સાથે ધીમા પગલે આવી જતા. આવું વારંવાર થતું રહ્યું, સાંજ સુધીમાં તો શિરોહા ઘણો અકળાઈ ગયો અને તેની ધીરજ ખૂટવા લાગી.

સાંજે જ્યારે શિરોહા જવા માટે તૈયાર થઈ ગયો ત્યારે સેન્સેઈએ કહ્યું, ‘‘તો શિરોહા, શું તું કાલે પાછો આવીશ?’’

શિરોહા થોભી ગયો.

‘‘હા, સેન્સેઈ,’’ તેણે ધીરેથી કહ્યું.

* * *

ઘણા મહિનાઓ સુધી શિરોહા સેન્સેઈ માટે કામ કરતો રહ્યો; તે બધાં પ્રકારના કામકાજ કરતો. આ દરમ્યાન એકવાર પણ તેને કેંડોના અભ્યાસ સત્રોમાં ભાગ લેવાની તક ન મળી; તેને એકવાર પણ તલવાર ચલાવવા ન મળી. તે ઘણીવાર સેન્સેઈ સાથે તેની તાલીમ વિશે વાત કરતો. તે સંકોચપૂર્વક કહેતો, ‘‘સેન્સેઈ, શું હું આજે તલવારબાજી શીખી શકું છું?’’

દરેક વખતે, સેન્સેઈ કહેતા, ‘‘ધીરજ રાખ, શિરોહા. તારે જે શીખવાનું છે તે તું શીખી રહ્યો છે.’’

આ પૂરા સમય દરમ્યાન, સેન્સેઈ વારંવાર પોતાની લાકડાની તલવાર સાથે તેની પાસે અચાનક જ પહોંચી જતા. ખચાક — જ્યારે શિરોહા શાકભાજી કાપી રહ્યો હોય. ખચાક — જ્યારે શિરોહા જમીન પર પોતું કરી રહ્યો હોય. ખચાક, ખચાક, ખચાક — જ્યારે શિરોહા ઝાડપાનની કાપકૂપ કરી રહ્યો હોય.

તોપણ, જેમ-જેમ સમય પસાર થતો ગયો, એક વિલક્ષણ વાત થઈ. શિરોહા એકાગ્રતાથી પોતાનું કાર્ય કરતો હતો, તેનું ધ્યાન પૂરીરીતે તેનાં કાર્ય પર રહેતું. પણ તેના *શરીરે* સાંભળવાનું શરૂ કરી દીધું હતું. એવું લાગતું હતું જાણે કે તેની જાગરૂકતા વિસ્તૃત અને વ્યાપક થઈ ગઈ હોય, અને તેની જાગરૂકતાને એક નવી સંવેદના મળી ગઈ હોય — અથવા કદાચ આ સંવેદના હંમેશથી હતી અને હવે, બસ તે તેને અનુભવી રહ્યો હતો. તે હવામાં ચાલવાથી થતા તલવારના હળવા અવાજને પણ સાંભળી લેતો હતો; તલવાર તેના સુધી પહોંચે તેની પહેલાં જ તે સહજતાથી જાણી લેતો કે તેણે શું કરવું જોઈએ. તે જાણી જતો કે તેને ક્યાં જવું જોઈએ. આ એક નૃત્ય જેવું થઈ ગયું હતું; તલવાર તેના પર વાર કરતી અને તે ધીરેથી એક બાજુ સરકી જતો. તલવારથી તેના પર વાર થતો અને તેને રોકવા માટે તેનો હાથ આપોઆપ ઊઠી જતો.

એક દિવસ શિરોહા બહાર બગીચામાં હતો. તે અત્યંત રમણીય હતું — વૃક્ષો પર પાંદડાં ઘેરા લાલ રંગના દેખાઈ રહ્યાં હતાં, માઉન્ટ ફૂજીની ટોચ સૂર્યપ્રકાશમાં ઝગમગી રહી હતી.

*શ ઽ ઽ ઽ.*

શિરોહા આ અવાજને ઓળખતો હતો. અને જ્યારે તેના કાન તેને ધ્યાનથી સાંભળવા લાગ્યા ત્યારે બાકી બધું જ શાંત થઈ ગયું. બધું જ ધીમું પડી ગયું; સમય જાણે થંભી ગયો. તેને તેના હૃદયના ધબકારા સંભળાવવા લાગ્યા, તેના ફેફસામાં વહેતી હવાનો અવાજ સંભળાવવા લાગ્યો — અને વાયુવેગે તે ફરીને એકબાજુ થઈ ગયો. તેણે સેન્સેઈના આગળ વધેલા હાથને પકડ્યો અને તલવારના હાથાને સેન્સેઈના હાથમાંથી સરકાવીને પોતાના હાથમાં લઈ લીધો.

‘‘ઓહ!’’ શિરોહાએ કહ્યું. સમય ફરી સામાન્ય ગતિથી ચાલવા લાગ્યો અને તેણે પહેલીવાર તલવારને સારી રીતે જોઈ. તેણે પોતાના હાથમાં તલવારનું વજન મહસૂસ કર્યું. ‘‘સેન્સેઈ, આ તો *અસલી* તલવાર છે.’’

‘‘એ તો છે,’’ સેન્સેઈએ કહ્યું.

‘‘સેન્સેઈ, હું કંઈ સમજ્યો નહીં,’’ શિરોહાએ કહ્યું.

‘‘શિરોહા, મને તારા પર ખૂબ ગર્વ છે,’’ સેન્સેઈએ જવાબ આપતા કહ્યું. ‘‘જો કેંડો વિશે તારી સમજ કેટલી વધી ગઈ છે.’’

‘‘તમે શું કહેવા માગો છો?’’ શિરોહાએ પૂછ્યું. ‘‘મેં તો મારો અભ્યાસ શરૂ પણ નથી કર્યો.’’

‘‘શિરોહા, તને શું લાગે છે કે તું શું કરી રહ્યો હતો, એ વખતે જ્યારે તેં મારી તલવારના વારનો સામનો કર્યો?’’

શિરોહાએ ક્ષણભર માટે વિચાર કર્યો.

‘‘મને લાગે છે... હું એ જ કરી રહ્યો હતો જે સહજતાથી મારી અંદરથી સ્ફુરી રહ્યું હતું.’’

શિરોહાએ સેન્સેઈની સામે જોયું, તેમના ચહેરા પર ચમક હતી.

‘‘હા,’’ સેન્સેઈએ કહ્યું, ‘‘હા, બિલકુલ. તે એ જ કર્યું જે સહજતાથી તારી અંદરથી સ્ફુર્યું. હવે તું મારા અભ્યાસ સત્રોમાં આવી શકે છે.’’

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.